## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વીમા કંપનીએ... દાંતને પણ મેડીક્લેમમાં આવરી લીધા છે... ચાલ ઘરે હવે, ઘરે બનાવેલ મોહનથાળ ટ્રાય કરવામાં વાંધો નહીં.

# માઉન્ટ કાર્મેલના શિક્ષિકા જેવી હરકત ન થાય તે માટે શાળા સંચાલકોને ડી.ઇ.ઓ.ની લાલ આંખ

### જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા સંચાલકો તેમજ આચાર્યોને કડક સુચના આપી કોઇની પણ લાગણી ન દુભાય તેની વિશેષ તકેદારી રાખવા જણાવ્યું

ગાંધીનગર તા ૧

ગાંધીનગર જિલ્લાની એકપણ શાળામાં માઉન્ટ કાર્મેલ જેવી ઘટનાનુ પુનરાવર્તન ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળા સંચાલકો અને આચાર્યોને ખાસ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી છે. માઉન્ટ કાર્મેલ શાળાના શિક્ષિકાએ ભુલ સ્વીકારતા આખરે મામલો થાળે પડી ગયો છે. જયારે શાળા કક્ષાએથી પણ આ શિક્ષિકાને નોટીસ આપવામાં આવી છે.

શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં વિદ્યાર્થીઓના હાથ પર બાંધેલી રાખી પર કાતર ફેરવાની શાળાની શિક્ષિકાની હરકત સામે વાલીઆલમમાં ઉગ્ર રોષ પ્રવર્તયો હતો. જયારે આગ બબુલા બનેલા વાલીઓએ આ મામલે શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી. આ ઘટનાના પગલે બીજાદિવસે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના યુવાનોએ શાળા પાસે હોબાળો મચાવતા શાળાના સંચાલકોએ આ મામલે માફી માંગી હતી. જયારે બજરંગ દળના યુવાનોએ શાળા સંચાલકોને રાખડી બાંધી હતી. જયારે બીજીતરફ શાળાના શિક્ષિકાને પણ આ મામલે શાળાએ નોટીસ આપી હતી. જો કે શિક્ષિકાએ પણ આ મામલે પોતાની ભુલનો સ્વીકાર કરી હવે આવુ નહીં બને તેની બાહેંધરી આપી હતી. શાળામાં વિદ્યાર્થીઓના હાથ પર બાંધેલી રાખડી પર કાતર ફેરવી દેવાના મામલે ભદ્ર સમાજમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. શિક્ષિત અને સંસ્કૃત સમાજની લાગણી દુભાતા રોષ પ્રવર્તયો છે. આવા સંજોગોમાં બાળકોમાં શિક્ષણ અને સંસ્કારનુ જતન કરતી શાળાઓમાં જ આ પ્રકારની ઘટનાઓ ન બને તે માટે જિલ્લા શિક્ષણતંત્ર પણ વધુ સજાગ બન્યુ છે. આ મામલે જિલ્લા શિક્ષણતંત્રએ પણ જિલ્લાની તમામ શાળાના આચાર્યોને તેમજ શાળા સંચાલકોને આ પ્રકારની ઘટના ન બને તે માટે વિશેષ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી છે. શાળાના શિક્ષકો પણ આવી બાબતે વિશેષ સાવધાની દાખવે તે માટે પણ બેઠક દરમિયાન શાળાના સંચાલકોને જણાંવાયુ છે.



**લવારપુર ગામના યુવાનો દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં પ્રતિક ઉપવાસ**

અનામતની લડત અને ખેડૂતોના દેવા માફીની માંગના સાથે પાસના અગ્રણી હાર્દિક પટેલના સમર્થનમાં હવે ગાંધીનગર પૂર્વ વિસ્તારના જાખોરા, ચંદ્રાલાના ગામોના ખેડૂતો અને પાસના કાર્યકરો દ્વારા સમર્થનરૂપે વિવિધ વિરોધ કાર્યક્રમો જેવા માથે મુંડન, રામધૂન પોતાના વિસ્તારમાં જુદી જુદી રીતે યોજી રહ્યા છે. આમ વિવિધ કાર્યક્રમો બાદ તાલુકાના લવારપુર ગામે આજે ગામના પાટીદાર યુવાનોએ માથે પાસના લખાણવાળી સફેદ ટોપી પહેરી સવારે ૮ થી ૫ વાગ્યા સુધી પ્રતિક ઉપવાસ પર બેસી અનામતની લડત અને ખેડૂત દેવા માફીની માંગને સમર્થન આપ્યું હતું.

## આજે સેક્ટર-૨૧ દિગંબર જૈન દેરાસર ખાતે પૂ. તરૂણસાગરજી મહારાજને વિનયાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૧

ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા અને 'કડવે પ્રવચન' માટે જાણીતા દિગંબર જૈન મુનિ તરૂણસાગરજી મહારાજ આજે કાળધર્મ પામ્યાં છે. ગાંધીનગરના સકલ દિગંબર જૈન સમાજ દ્વારા સંત જૈન તરૂણસાગરજીને શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ તા. ૨જી સપ્ટેમ્બર રવિવારે સવારે ૮ થી ૧૦ કલાક દરમ્યાન પૂ. સુનીલસાગરજી મહારાજની નિશ્રામાં સેક્ટર-૨૧માં એમએલએ ક્વાટની બાજુમાં સ્થિત શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા શહેરના નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.



# પેસેન્જરની નજર ચૂકવીને પોણા છ લાખની કિંમતના દાગીના સેરવી લેનાર ઝડપાયો

### મહિના પહેલા ધંધુકા ચોકડી પાસેથી પેસેન્જરને વાનમાં બેસાડી કળા કરી હતી : સે-૩૦ જીઈબી છાપરાના શખ્સને એલસીબીએ દબોચ્યો : ચોરેલો માલ સાગરીતો સાથે સરખે ભાગે વહેંચી દીધો હોવાની કબૂલાત

ગાંધીનગર, તા. ૧

અમદાવાદના ધંધુકા ચાર રસ્તા પાસેથી મારૂતિવાનમાં બેસાડેલા પેસેન્જરની નજર ચૂકવીને એક ગેંગે તેના થેલામાંથી સોના-ચાંદીના આશરે પોણા છ લાખની કિંમતના દાગીના સેરવી લીધા હતા. એક મહિના પહેલા બનેલી આ ઘટનામાં ગાંધીનગરના જીઈબી છાપરા ખાતે રહેતો એક શખ્સ સંડોવાયેલો હોવાની માહિતીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે તને પકડી પાડયો છે. ચોરી કરેલા દાગીના વિશે પૂછપરછ કરતા દાગીના તેણે પોતાના સાગરીતો સાથે સરખે ભાગે વહેંચી દીધા હોવાની કબુલાત કરી છે. પકડાયેલો આરોપી ભૂતકાળથી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેને ગાંધીનગર જિલ્લામાં અપહરણ અને પ્રોહિબિશનના ગુનામાં પણ પકડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ એકાદ મહિના અગાઉ અમદાવાદ ધંધુકા ચાર રસ્તાથી પેસેન્જર તરીકે બેઠેલા વ્યક્તિના થેલામાંથી રૂ.૫,૬૮,૦૦૦ ની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરી થવા પામી હતી. પેસેન્જરની નજર ચૂકવીને તેના થેલામાંથી ચોરી થઈ ગઈ હતી. આ ઘટનામાં મુખ્ય સૂત્રધાર ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે જીઈબી કાચા છાપરાનો રહેવાસી મુનાવર મહંમદખાન બલોચ હોવાની વિગતો બહાર આવી હતી. જે આધારે ગાંધીનગર એલસીબી પી.આઈ તરલ ભટ્ટની ટીમ તેને પકડવા સક્રિય થઈ હતી ત્યારે ગઈકાલે સેક્ટર-૨૮ સર્કલ નજીક આવેલા છાપરા પાસે આ શખ્સ ઊભો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે સ્થળ પર જઈ એલસીબીની ટીમે આરોપીને દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં વિગતો બહાર આવી છે કે મહિના અગાઉ તેણે તેના સાગરીતો સાથે મળીને ધંધુકા ચાર રસ્તા થી મારૂતીવાનમાં એક વૃદ્ધને મુસાફર તરીકે બેસાડી તેના થેલામાંથી દાગીના સેરવી લીધા હતા. ચોરી કરી લીધેલા સોનાના દાગીના અંગે પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે આ દાગીના તેણે પોતાના સાગરિતો વચ્ચે સરખે ભાગે વહેંચી નાખ્યા છે. તેની પાસેથી રોકડ રૂપિયા ૧૪૦૦૦ મળી આવ્યા હતા તેને કબજે લઈ આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. આરોપી અગાઉ પણ ગાંધીનગરનાં અપહરણ અને પ્રોહીબીશન જેવા ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું ધ્યાને આવ્યું છે.




# વનતંત્રની ફેન્સીંગ પર જાહેરાત ચિપકાવનાર સામે દંડ કરાશે

### વન આરક્ષિત જગ્યાના રક્ષણ માટે કરાયેલી ફેન્સીંગને જાહેરાતનુ માધ્યમ બનાવાતા તંત્ર કડક કાર્યવાહી કરશે : જવાબદાર સામે કોર્ટ કેસ પણ દાખલ કરાશે

ગાંધીનગર તા ૧

શહેરમાં વનતંત્ર દ્વારા હાલ નવી ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. જયારે સેકટરોમાં સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ પર ઠેર ઠેર જાહેરખબર દર્શાવતા બોર્ડસ પણ મુકી દેવાયા છે. ત્યારે આ પ્રકારની જાહેરખબરના બેનર્સ કે હોર્ડીંગ્સ લગાવાની હરકત બદલ જવાબદાર સામે દંડનીય તેમજ કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાશે તેમ પણ વનતંત્ર દ્વારા જણાંવાયુ છે.

શહેરમાં વન આરક્ષિત જગ્યામાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં દબાણો ન થાય તેમજ ગંદકી અને રખડતા ઢોરથી હરિયાળીનુ રક્ષણ કરવા માટે વર્ષો જુની ફેન્સીંગ તોડીને નવી ફેન્સીંગ પણ કરવામાં આવી રહી છે. શહેરને વધુ હરિયાળુ બનાવવા માટે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી સાથે તેનો યોગ્ય ઉછેર થાય તે અંગે પણ તકેદારી રાખવા માટે પણ યોગ્ય પગલા લેવામાં આવી રહ્યા છે. બીજીતરફ શહેરમાં વન વિભાગની ફેન્સીંગ પર બેનર્સ તેમજ પેમ્ફલેટ ચિપકાવી અવનવી કોર્મશિયલ જાહેરાતો ચિપકાવી દેવામાં આવતી હોવાનુ ધ્યાને આવતા વનતંત્રએ આ મામલે જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. વનતંત્રના જણાંવ્યા મુજબ વનતંત્રની ફેન્સીંગ પર કોઈપણ પ્રકારની જાહેરાત જોવા મળશે તો જવાબદાર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાશે જેમાં પ્રથમ તબક્કામાં રૂ ૧ હજારનો દંડ તેમજ બીજીવાર પણ આ પ્રકારની હરકત ધ્યાને આવશે તો કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાશે. શહેરના જાહેરમાર્ગો પર આમ પણ બિન્દાસ્ત રીતે જાહેરખબર માટેના બેનર્સ તેમજ હોર્ડીંગ્સ ચિપકાવી દેવામાં આવે છે. પરંતુ જિલ્લા વહીવટી તંત્ર કે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના લીધે શહેરના જાહેર માર્ગો પણ જાહેરાતનુ માધ્યમ બની રહયા છે ત્યારે વનતંત્ર દ્વારા ફેન્સીંગ પણ જાહેરાતનુ માધ્યમ ન બાને તે માટે કડક વલણ અપનાવાશે.




ભારતીય જીવન વિમા નિગમને ૬૨ વર્ષ પુર્ણ થતા ગાંધીનગરની ડિવીઝનલ કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. એલ આઈ સી ના વરિશિષ્ટ પ્રબંધક કે આર બાલાસુબ્રમણયમે દેશમાં એલ આઈ સીના ૨૯ કરોડ ગ્રાહકોને સંતોષ આપવાનુ કામ કરતી હોવાનુ જણાંવી નવી કેન્સર કવર અને જીવન અક્ષય પોલીસી અંગેની માહીતી આપી ગાંધીનગર ડિવીઝન કચેરીની શ્રેષ્ઠ કામગીરીનો પણ અહેવાલ રજુ કર્યા હતો. એલ આઈ સી ૬૨ માં વર્ષની ઉજવણી અન્વયે વિમા સપ્તાહની ઉજવણી અન્વયે મેડીકલ ચેક અપ કેમ્પ, વૃક્ષારોપણ તેમજ નગરની અંધ શાળા સહીત શાળા કોલેજોમાં પણ વિશેષ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનમાં જિલ્લાના ૭૫ ટકા બાળકો આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧

છેલ્લા ત્રણ દિવસમાં ૨૧ હજારથી વધુ બાળકોને ઓરી-રૂબેલા રસીકરણથી રક્ષિત કરવાની સાથે જિલ્લામાં ૭૫ ટકા બાળકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે. જિલ્લાને ફાળવવામાં આવેલ ૩,૨૧,૯૪૬ બાળકોના લક્ષ્યાંક સામે ૨,૪૧,૮૩૨ બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હોવાનું જિલ્લાના મુખ્ય જિ. અધિકારી એમ.બી. સોલંકીએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા ૩ દિવસમાં ૨૧ હજાર બાળકોનું રસીકરણ જેમાં ખાસ કરીને કલોલ, શહેરના વાલીઓ સાથે શ્રેણીબદ્ધ મિટીંગો કરી અને તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી આવરી લેવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે જન્માષ્ટમી પર્વ પછી પણ એક સપ્તાહ સુધી આ સઘન રસીકરણ અભિયાનની ઝુંબેશ ચાલુ રહેશે. લોકોને અપીલ કરતાં તેમણે જણાવ્યુ છે કે જો તમારૂ બાળક રહી ગયુ હોય તો તેને તાત્કાલિક ઓરી-રૂબેલાથી રક્ષિત કરાવો. આ રસીકરણ અભિયાન દરમ્યાન કોઈજ બાળકને આડઅસર થઈ નથી. ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે તમારા બાળકને બધી રસીનો ડોઝ અપાવ્યો હોય તો પણ આ રસી અપાવવી જરૂરી છે.

## એફ.વાય.બીએસસી વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર શહેરની સેકટર-૧૫ વિજ્ઞાન કોલેજ ખાતે એફ.વાય.બીએસસીમાં જે વિદ્યાર્થી ભાઈ બહેનોએ એડમીશન મેળવ્યું છે. તેમજ તે વિદ્યાર્થીઓએ હોમિયોપેથિક, આર્યુવેદિક, નર્સિંગ, ફિઝીયોથેરાપી સહિત અન્ય ક્ષેત્રે કે બીજી કોઈ કોલેજમાં એડમીશન મેળવી અભ્યાસક્રમ શરુ કરી દીધો છે. તેવા વિદ્યાર્થીઓને સેકટર-૧૫ વિજ્ઞાન કોલેજમાંથી એડમીશન રદ કરાવવા માટે સે-૧૫ વિજ્ઞાન કોલેજના પ્રિન્સીપાલ કેતન છાયાએ અનુરોધ કર્યો છે. જેથી એડમીશન મળ્યું નથી અને એડમીશનની રાહ જોઈને બેઠા છે તેવા વિદ્યાર્થીઓને કોલેજ તંત્ર દ્વારા પ્રવેશ આપી શકાય.

## વાતવાતમાં

● ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ વિદેશ યાત્રાએથી પરત ફરી ચુક્યાં છે. પરત આવ્યાં બાદ મેયરે તેમનો કાર્યભાર પણ પુનઃ સંભાળી લીધો છે.

● જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના નવનિયુક્ત ચેરમેન નરેશ ઠાકોરે શનિવારે તેમના મહિલા બાળ વિકાસ વિભાગના જુના હોદ્દાની કચેરીમાં બેસીને જ વિસ્તારના નાગરિકોના કાર્યો કર્યા હતા. નરેશ ઠાકોરે હવે આરોગ્ય સમિતિના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળશે.

● જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગમાં બે નવા એક્ઝિક્યુટિવ એન્જિનીયર્સની નિમણૂંક કરવામાં આવી છે. બંને કાર્યપાલક ઈજનેરોએ હાજર થઈ તેમનો પદભાર સંભાળી લીધો હતો.

# દહેગામ સેવા સદનમાં એસીબીનું છટકું : અઢી લાખની લાંચ સ્વીકારતા વચેટીયો ઝડપાયો

### જમીનની નોંધણી કરવા માટે દહેગામ સબ રજીસ્ટ્રાર વતી રૂપિયા અઢી લાખ સ્વીકારનાર ફોલ્ડરની ધરપકડ

ગાંધીનગર, તા. ૧

એન્ટી કરપ્શન બ્યુરોની અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાની ટીમોએ આજે ગાંધીનગર જિલ્લાના દહેગામ સેવાસદન ખાતે ટ્રેપ ગોઠવીને દહેગામ સબ રજીસ્ટ્રાર વતી જમીનની નોંધણી કરવા માટે અરજદાર પાસેથી રૂપિયા અઢી લાખની લાંચ માગનાર ફોલ્ડરને પકડી પાડયો છે. સબ રજીસ્ટ્રાર વતી અઢી લાખ રૂપિયાની લાંચ સ્વીકારતા રંગેહાથ પકડાયેલા પાલુન્દ્રા ગામના વચેટિયા શખ્સની ધરપકડ કરી એસીબીની ટીમે ગુનો દાખલ કર્યો છે અને આ લાંચ પ્રકરણની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ સેવાસદનમાં સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે એક અરજદારે જમીનની નોંધણી માટે અરજી આપી હતી. અરજદાર પોતે તેમના શેઠની જમીન અંગે વહીવટ કરે છે અને સાર સંભાળ રાખે છે. અરજદારે પોતાના શેઠ માટે એક જમીન ખરીદી હતી જેમાં પાવર ઓફ એટર્નીની નોંધણી કરાવવાની હતી. અરજદાર અને તેમના શેઠ બંને આ કામ પતાવવા દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામમાં રહેતા અને સબ રજિસ્ટ્રારની કચેરી આસપાસ અનેકવાર આંટાફેરા મારતા રાજેન્દ્રસિંહ બાબુસિંહ ચૌહાણને મળ્યા હતા.

આ કામ પતાવી આપવા માટે દહેગામ સબ રજીસ્ટ્રાર વતી રાજેન્દ્રસિંહે અરજદાર પાસેથી રૂપિયા અઢી લાખની લાંચ માગી હતી. જમીનની નોંધણી કરાવવા માટે અઢી લાખની રકમ ફિક્સ કર્યા બાદ આજે રૂપિયા અઢી લાખ દહેગામ સેવાસદનની કચેરીમાં જ આપવાનું નક્કી થયું હતું. અરજદારે આ મામલે એન્ટીકરપ્શન બ્યુરોના ધ્યાન દોરી ફરિયાદ કરતા આજે ગાંધીનગર એસીબી પીઆઈ ડી.વી.પ્રસાદ અને અરવલ્લી એસીબી પીઆઈ સી.ડી.વણઝારાની ટીમે દહેગામ સેવા સદનમાં છટકું ગોઠવ્યું હતું અને અરજદાર પાસેથી સબ-રજિસ્ટ્રાર વતી અઢી લાખ રૂપિયાની લાંચ સ્વીકારતા વચેટિયા રાજેન્દ્રસિંહ બાબુસિંહ ચૌહાણને રંગે હાથ પકડી પાડયા હતા. અઢી લાખની લાંચ સ્વીકારતા રાજેન્દ્રસિંહની ધરપકડ કરી સબ રજીસ્ટ્રારનાં ઈન્વોલ્વમેન્ટ અંગે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. દહેગામ સેવાસદનમાં સબ રજીસ્ટ્રાર તરીકે મહિલા અધિકારી જલ્પાબેન ગોડિયા ફરજ બજાવે છે. તેમના વતી જ આ શખ્સે લાંચ સ્વીકારી હતી કે કેમ તે બાબતની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

## સે. ૩-ડી નવરાત્રી ચોક ખાતે જન્માષ્ટમી મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સેક્ટર-૩-ડી ખાતેના યુવક મિત્ર મંડળ દ્વારા તા. ૩જી સપ્ટેમ્બર સોમવારે રાત્રે જન્માષ્ટમી મહોત્સવ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. જન્માષ્ટમી મહોત્સવ સે. ૩-ડીના નવરાત્રી ચોકમાં રાત્રે ૮ કલાકે યોજાશે. જેમાં પહેલા રાસ-ગરબા બાદ ૧૧.૩૦ કલાકે મહાઆરતી અને ૧૨ કલાકે દહી-હાંડી યોજાશે. આ કાર્યક્રમનો લ્હાવો લેવા સેક્ટરના વસાહતીઓને યુવક મિત્ર મંડળ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દેવીપૂજક જ્ઞાતિને એટ્રોસીટીનું રક્ષણ આપવા તંત્ર સમક્ષ રજુઆત

રાજયના દેવીપૂજક સમાજને અતિ પછાત એ કેટેગરીમાં સમાવેશ કરવો, તેમજ આ જ્ઞાતિને એટ્રોસીટીના કાયદાનું રક્ષણ આપવું તેવી માંગ વિરાટ દેવી પૂજક સંઘ દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવી છે.

વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા રાજયના દેવીપૂજક સમાજને એસસી, એસટી કેટેગરીમાં સમાવેશ કરવા માટે તાજેતરમાં ઘણા આંદોલન કરવામાં આવ્યા હતા. આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવા છતા દેવીપૂજક સમાજની માંગણીઓનો સ્વીકાર થયો ન હતો. ત્યારે વિરાટ દેવી પૂજક સંઘના આગેવાન રૂપસંગભાઈ ભરભડીયાની આગેવાની હેઠળ દેવીપૂજક સમાજ દ્વારા મુખ્યમંત્રી અને સામાજીક ન્યાય અધિકારના મંત્રી ઈશ્વરભાઈ પરમારને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે દેવીપૂજક સમાજનો ઓબીસીમાં સમાવેશ થયેલો છે. ઓબીસીમાં સમાવેશ દેવીપૂજક સમાજ સહિત ૪૦ વિચરતી વિમુકત જ્ઞાતિઓને અતિ પછાત એ કેટેગરીમાં સમાવેશ કરી શિક્ષણ, નોકરી અને સત્તામાં ભાગીદારીવાળી અનામત આપવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત દેવીપૂજક સમાજને હજુપણ હડધુત કરવામાં આવી રહ્યો હોવાનો પણ રજુઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના કારણે વારંવાર અપમાનિત થતા દેવીપૂજક સમાજની ગરીમા જળવાય તે માટે એટ્રોસીટીના કાયદાનું રક્ષણ આપવાની માંગ કરી આ મામલે કેન્દ્ર સરકાર કે સક્ષમ આયોગને ભલામણ કરવા પણ માંગ કરી છે.

## ૯મીએ વરસોડા ખાતે વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ શિબિર યોજાશે

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડા ખાતે વરસોડા-ગુન્મારોડ સ્થિત 'નયન્સ નેચર' ખાતે તા. ૯મી સપ્ટેમ્બર રવિવારના રોજ વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર સવારે ૯.૩૦ થી સાંજના ૪ કલાક સુધી ચાલશે. જેમાં સર્જનશીલ સમાજ વિષયે અમદાવાદની આઈઆઈએમ સંસ્થાના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. અનિલ ગુપ્તા તેમનું વક્તવ્ય રજૂ કરશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ